

તંત્રી અને પ્રકાશક :
નાગરદાસ ઈ. પટેલ

[illegible] આના

મોતીયો

: : લેખક અને પ્રકાશક : :
નાગરદાસ ઇ. પટેલ
ગોવર્ધન વિલા : મલાડ

: : ચિત્રકાર : :
જગમોહન મીસ્ત્રી
દિનકરભુવન : ખાર

ત્રણ આના

આવૃત્તિ પ્હેલી
સપ્ટેમ્બર : ૧૯૩૧

આ જાતનાં બીજાં પુસ્તકો
રતનીયો : બીજી આવૃત્તિ : ૦-૩-૦
મણિયો : છપાય છે

卐

ઘરના કલ્લોલતા
દેવો : બાળકોને


卐

અનુક્રમ

સૂર્યપ્રકાશ પ્રીંટિંગ પ્રેસ : પાનકોર નાકા—
અમદાવાદમાં મૂળચંદભાઇ ત્રિકમલાલ પટેલે છાપ્યો.

*





આઉ ! વ્હાઉ ! વ્હાઉ ! વ્હાઉ !

કેમ તમને કૈં સમજણ ન પડી ? આઉ ! વ્હાઉ ! વ્હાઉ ! વ્હાઉ ! અરે ત્તમારી ! તમારી બોલી અમે સમજીએ અને અમારી બોલી તમે ન સમજો ! આઉ ! વ્હાઉ ! વ્હાઉ ! વ્હાઉ !

લ્યો ત્યારે હું મારી વાત કહું. વચ્ચે કદી મારી બોલીમાં હું કૈં બોલી જઉં તો માફ કરજો.

આઉ ! વ્હાઉ ! વ્હાઉ ! વ્હાઉ ! મને એમ ભસવુ બહુ ગમે છે.

મારૂં નામ મોતીયો. હું પહેલા નંબરનો તોફાની બારકસ છું.

મારે એક બહેન છે. એનું નામ ચંપી. એ પણ મારો જેટોજ જોઈ લ્યોને.

મારૂં શરીર બગલાની પાંખજેવુ ધોળુ છે અને ચંપીને ડીલે કાળાં ધાબાં છે.

અમે બેઉ પાળેલાં કુરકરીઆં છીએ. છેક નાનાં નહિ પણ મોટાં. અમે બેઉ જબરાં રખડેલ અને મસ્તીખોર છીએ.

અમારા શેઠનું નામ બટુકભાઈ.

બટુકભાઈ ભારે માયાળુ, અમારા તરફ એમને બહુજ વ્હાલ છે.

એક દહાડો સવારના પહોરમાં અમે ભાઈબહેન ઉઠયાં અને બટુકભાઈની તપાસ કરવા માંડી.

આખો બંગલો અમે ખુંદી વળ્યાં પણ એમનો પત્તોજ નહિ. મને ફાળ પડી કે એ કયાં ગયા ?

હું અને ચંપી તપાસ કરવા બહાર નીકળી પડયાં.

અમે તોફાની બારકસો છીએ એતો હું કહીજ ગયો છું. મસ્તી ન કરીએ તો અમને ચેનજ ન પડે.

અમે જેવાં બંગલામાંથી બહાર નીકળતાં હતાં તેવોજ સામેથી દૂધવાળો ગંગાદીન આવ્યો. એનો ઘાટ ઘડવાનો મને વિચાર થઈ આવ્યો.

એ જેવો હડફડ હડફડ ચાલતો હતો તેવોજ હું એના પગ વચ્ચે પેસી ગયો. એ પગલુ ભરતાં ચૂકયો ને ગબડી પડયો. એનો દુધનો હાંડો પડી ગયો અને ચારે બાજુ દુધ ઢોળાઇ ગયું.

મેં અને ચંપીએ થોડુ ઘણુ દુધ પીધુ ન પીધુ અને અમે બેઉ જણ દોડયાં. ભૈયે ઉઠીને મને એકાદ લપડાક લગાવા વિચાર કર્યો પણ હું કયાં કાચો હતો કે એને હાથ આવું ?

અમે બેઉ જણ દુમ દબાવીને નાઠાં.

જોતાં જોતાં એક ઠેકાણેથી બટુકભાઈનો અવાજ આવતો લાગ્યો.

મેં ધીરે રહીને અંદર ડોકીયુ કર્યું તો બટુકભાઇ તો કેદમાં પડેલા !

અરે ત્તારીની ! બટુકભાઇને આમ કોણે કેદ કર્યા ? એમની સાથે બીજા ઘણા બધા કેદીઓ હતા.

હું અને ચંપી કુદયાં.

એમને જોઇને બટુકભાઈને મઝા પડી. એમની



જોડેના બીજા કેદી પણ ખુશી ખુશી થઈ ગયા.

આઉ! વ્હાઉ! વ્હાઉ! વ્હાઉ!

આઉ! વ્હાઉ! વ્હાઉ! વ્હાઉ!

આખુ કેદખાનુ અમે ગજાવી મુકયું.

ગંભીર ચહેરે બેઠેલા કેદીઓ ખુશ ખુશાલ હસી પડ્યા ને ગેલમાં આવી ગયા.

પણ એવામાં એમનો દારોગો આવી લાગ્યો, એને જોઇને બધા ચડીચૂપ થઈ ગયા.

હું ને ચંપી વિચારેમાં પડી ગયાં કે હવે કરવું

શું ? અમે તો એની પાસે ગયાં અને આઉ! વ્હાઉ!



વ્હાઉ ! વ્હાઉ! કરવા ને કૂદવા લાગ્યાં પણ અમારૂ સંગીત એને ગમ્યુ હોય એમ ન લાગ્યું.

એણે અમને બેઉને પકડાવ્યાં અને બીજી કોટડીમાં કેદ કર્યાં. એ કોટડીમાં આજુ બાજુ કચરો પડયો હતો અને એક તરફ ઝાડુ, પાવડો, કુહાડી, તિકમ વિગેરે સામાન પડયો હતો તથા બીજી બાજુ કુંડાંનો ઢગલો કર્યો હતો.

આવા કેદખાનામાં પણ છાનામાના બેસી રહે-વાનું અમને કેમ પાલવે?


અમે બેઉ ભાઇ બહેન પેલાં કુંડાં પર ચઢીને કૂદાકૂદ કરવા લાગ્યાં અને વ્હાઉઉઉઉઉઉઉઉ વ્હાઉઉ-ઉઉઉઉઉઉ કરીને આખી કોટડી ગજાવવા લાગ્યાં.

અમારા સંગીતથી પ્રસન્ન થઈ ને કે પછી તોફાનથી કંટાળીને દારોગાએ અમને બહાર કાઢયાં અને અકકેકી સોટી લગાવી દીધી. ચીસાચીસ પાડતાં અમે તો ત્યાંથી નીકળ્યાં.

અમારા તોફાનને લીધે બધા કેદી છૂટી ગયા હતા એટલે બટુકભાઈને શોધી કાઢતાં અમને મુશ્કેલી ન પડી.

અમને જોઇને બટુકભાઇ અને એમના સાથીદારો ખુશ ખુશ થઇ ગયા. અમારા આનંદનો પણ પાર ન રહ્યો. અમે બેઉ ભાઈ બહેન ગેલમાં આવી ગયાં અને અમારૂ સંગીત ચલાવ્યું.

આઉ વ્હાઉ ! વ્હાઉ વ્હાઉ !
આઉ વ્હાઉ ! વ્હાઉ વ્હાઉ !



બાગમાં

આઉ વ્હાઉ! વ્હાઉ વ્હાઉ! આઉ વ્હાઉ! વ્હાઉ વ્હાઉ! પછી અમને ખબર પડી કે બટુકભાઇને કોઇએ કેદમાં પુર્યા ન હતા પણ એતો ભણવા ગયા હતા અને પેલો દારોગો ન હતો પણ એતો એમના મહેતાજી હતા.

કેમ તમને હસવું આવે છે? અજાણ્યો ને આંધળો બરાબર! અમને ખબર નહિ તે અમે શું કરીએ! જાણ્યું ત્યારથી જીવને સંતોષ થયો કે બટુકભાઈ ભણવા જાય છે.

બટુકભાઇ ભણવા જાય એટલે અમારૂં તોફાન શરૂ થાય. અહીં તહીં ને સઘળે અમારી હડીયા દોટી ને રખડપટ્ટી તો ખરીજ.


બાગમાં જઇને આમ તેમ રમત કરવી કે દોડા દોડી કરી મુકવી એતો અમારે રોજનું થયું.

લીલી ચહાના રોપા અમને બહુ ગમે. હું અને ચંપી એના પાન રોજ ચાવીએ. ચંપીને તો એ બહુ જ ભાવે. તમે બધા ચહા પીયો ને અમે કેમ ન પીયે? તમે તો ચહા પીયો છો ને અમે તો ચહા ખાઇએ છીએ.

ગુલાબના કયારામાં ખોદવાનું અમને ઠીક ફાવે છે. એમ કરતાં કોઇ કોઈ વાર એકાદ રોપો નીકળી જાય પણ ખરો. અમારા નામની માળીને ટાઢક છે. માળીને એકલાને જ નહિ પણ બધાંને. માળીને, ઘાટણને, રસોઇયણને, મેના માશીને, દુધવાળા ભૈયાને, અને સાથે સાથે મોટા શેઠને પણ. મેના માશી અમારા બટુકભાઇનાં માશી થાય એ તમને મારે કહેવું જોઇએ.

અમારા તીણા પંજા વડે આમ તેમ અનેક જગાએ અમે ખાડા કરીએ છીએ અને કોણ ઉંડુ ખોદે છે તેની હરીફાઇ ચલાવીએ છીએ. ચંપી અને હું બેઉ સમોવડીયાં છીએ. પણ રમત ગમત અને તોફાનમાં મારો નંબર પહેલો આવે છે.

કાશી ઘાટણને અમારા નામની સુગ છે. એક વખત એ દળવા બેઠેલી અને અડધુ દળીને કૈં કામ-સર ઉઠેલી ત્યાં તો અમે બેઉ તોફાની બારકસ ત્યાં જઈ પહોંચ્યાં. ઘંટીના થાળામાંથી આજુ બાજુ પુષ્કળ લોટ વેર્યો અને ખવાય એટલો ખાધો ને બીજો બગાડયો. ચારે બાજુ રમણ ભમણ અને વેર વિખેર કરી મુકયું. તે વખતની એને અમારા નામની સુગ છે.




અમે બાગમાં કૂદા કૂદ કરીને થાકયાં એટલે એ કપડાં ધોતી હતી તે તરફ ગયાં. એની નજર અમારા તરફ ન હતી તેનો લાભ લઇને એણે પોતાને ખાવા સારૂ લાડવા ઢાંકયા હતા તે અમે ઉપાડી લાવ્યાં. ચંપીને મેં કહ્યું કે તું આ લાડુ ચાખી જો. પાકી ખાતરી થયા સિવાય કોઈ પણ ચીજ ન ખાવી એવો મારો નિયમ છે એટલે ચંપીને આ મઝાના લાડુ ચાખવા દીધા સિવાય છુટકો ન હતો.

ચંપીએ તો ઝટ દઈને એક બચકું ભર્યું અને લપાક લપાક ખાવા ગઈ પણ એનું મોઢું જોયા જેવું થઈ ગયું.

એણે કંટાળીને થુંકી નાખ્યું, અને આઉ! વ્હાઉઉઉઉઉઉ! કરીને રોવા માંડ્યું. એ લાડુ નહિ પણ સાબુના ગોળા હતા.

મેં એને છાની રાખી અને મોઢુ બગડ્યું હોય તો કૈંક ખાવા આપવાનો વિચાર કર્યો.

અમારા બાગમાં એક બકરી બાઈ હતાં એમનાં બચ્ચાં ધાવતાં હતાં તે મેં જોયું હતું એટલે મને વિચાર આવ્યો કે અમે પણ એમ કરીએ તો શું ખોટું ?



હું ચંપીને એમની પાસે લઇ ગયો અને અમે

બેઉ ભાઈ બહેને એમનો અકકેકો આંચળ મોઢામાં લઇને ધાવવા માંડયું.

પણ બકરી બાઈ એમ ડાહ્યાં ડમરાં થઇને અમને ધાવવા દે ખરાં કે ! એમણે તો બેંએં ! બેંએંએં ! કરીને સંગીત છોડી દીધું અને બેઉ પગે કૂદા કૂદ કરવા માંડી.

એમના પાછલા પગની એકેક બબ્બે લાત અમને પડી પણ ખરી. હોય એતો, એમાં શું ? એમતો એમ પણ એટલું કરતાંયે મારૂં મોઢું ગળ્યુ થયું અને ચંપીની જીભ સ્વરવતી મટી.

વખતે માળી આવી લાગશે તો કમબખ્તી થશે એમ માનીને અમે તો નાઠાં !

એક બાજુ લપાઈને જોયું તો અમારી બીક ખરી પડી. માળી દાદાએ આવીને બકરીબાઈની ખબર પૂછી અને કૈં નથી એવી એમની ખાત્રી થઈ એટલે એ ચાલ્યા ગયા.

કાશી ધોટણ ધોતી જાય તેમ એ લુગડાં, બાગ-માં દોરડાં બાંધેલાં તે પર સુકવતી હતી, તે તરફ અમારૂં ધ્યાન ગયું. અમે બેઉ ભાઇબહેને લુગડાં

પકડવા કૂદાકૂદ કરી મુકી. મારા મોઢામાં ચાદરનો એક છેડો આવી ગયો. હું એના પર ટીંગાયો અને ચાદર નીચે ખેંચી પાડી.

મેં અને ચંપીએ એમાં બેસીને કૂદાકૂદ કરવા માંડયું. એનો એક બાજુનો છેડો મેં ચાવી ખાધો. એવી રીતે કપડાં ચાવવામાં મને મઝા આવે છે. મારી માફક કોઈ કોઈ છોકરાં પણ લુગડાં ચાવે છે એતો તમે કયાં નથી જાણતા !

ચાદરની જોડે મેના માશીનું પોલકું પડેલું. એ જોઈને અમને નવી રમત કરવાનું મન થયું. એની



એક બાંય મેં પકડી ને બીજી બાંય ચંપીએ મોંઢામાં લીધી. બેઉ જણે બેઉ બાજુ ખેંચવા માંડયું. આમ ખેંચાય ને તેમ ખેંચાય! ખેંચાખેંચમાં અમને ખુબ મઝા પડી.

ચરરરર! અરે ત્તારીની! પોલકાના ચીરાડા પ-ડયા અને અમે બેઉ ફદાક ફદાક પડી ગયાં.

ચંપી રડી ઉઠી વ્હાઉઉઉઉઉઉ !

એ સાંભળીને હાથમાં ધોકો લઇને કાશી ઘાટણુ આવી લાગી.

કાશી ઘાટણુ એટલે બીજી જોગ માયા જોઇ લેવી! એના હાથમાંથી છૂટવા માટે અમે બેઉ ભાઇબ્હેન દૂમ દબાવીને નાઠાં.



ભજાનો

આઉ વ્હાઉ! વ્હાઉ વ્હાઉ !

અમે બેઉ દોડીને ઘરમાં ગયાં, ત્યાં તો ચંપી કહે 'મને ભુખ લાગી છે!'

મેં કહ્યું 'ચાલ રસોડામાં.'

અમે બેઉ રસોડામાં ગયાં.

રસોઇયણ બહાર હતી ત્યાંતો અમે રસોડામાં પેસી ગયાં.

ઉનાળાના દહાડા હતા ને કેરીની મોસમ હતી તે રસ કાઢી રાખ્યો હતો.

તપેલુ જરા મોટુ હતુ પણ હું તો એના કાના પર પગ મુકીને કૂદ્યો. કૂદીને પડયો તપેલામાં.

મારૂ આખુ ડીલ રસથી તરબોળ થઈ ગયુ !

રસોઈયણ અમને જોશે તો શું કરશે એ વિચાર તપેલામાં પડયા પછીથી મને આવ્યો એટલે જેમ તેમ કરીને હું કૂદકો મારી બહાર નીકળ્યો.

બહાર નીકળ્યા પછી મેં અને ચંપીએ મારૂ ડીલ ચાટીને સંતોષ માન્યો.

પછી પાછાં ધીરે રહીને અમે બગીચામાં ગયાં. એક વાત તમને છાનીમાની કહી દઉં. અમને હાડકાં ચાટવાં બહુજ ગમે છે, એટલે આડાં અવળાં પડેલાં હાડકાં એકઠાં કરીને અમે એક ઠેકાણે દાટયાં હતાં.

અમારો એ ખજાનો તપાસવાનો અમને વિચાર આવ્યો એટલે હું અને ચંપી ત્યાં ગયાં.

પણ આ શો ગજબ ! માળીદાદાએ અમારો ખજાનો ખોદી કાઢયો હતો !

અમને લાગ્યું કે અમારો ખજાનો અહીં સલામત નથી એટલે અમે એને સારે ઠેકાણે ખસેડવાનો વિચાર કર્યો. એ માળીદાદાના બાપનું શું બગડી જતું હતું કે એણે અમને ઝંપીને બેસવા ન દીધાં અને અમારો ખજાનો ખોદી કાઢયો ?


પછી એ કયાં રાખવો તેનો અમે વિચાર કરવા માંડયો.

ઘણી વાટાઘાટ કર્યા પછી અમે નક્કી કર્યું કે એ ખજાનો અમારે બંગલામાં ખસેડવો. મેના માશીના

ઓરડામાં એક મોટો પલંગ છે તેમાં ગાદલાં નીચે એ સંતાડવા.

અને અમે એ ખસેડવા મંડયાં.

મેના માશીના પલંગના ગાદલાંનો છેડો એક



બાજુથી મેં મહા મહેનતે ઉંચો કર્યો અને ચંપીએ અમારી કિમતી ચીજો ત્યાં રાખી.

ખાસ્સા પંદરેક આંટા ખાઇને બધાંય નંગ અમે ઠેકાણે મુકી દીધાં.

સારૂ થયુ કે અમને આ અક્કલ સુઝી. હવે વારે ઘડીએ બાગમાં જવાનો ત્રાસ અને માળીદાદાની દહેશત મટી જવાનાં. હાઆશ! આઉ વ્હાઉ! વ્હાઉ વ્હાઉ!

અરે ભગવાન! પણ અમારી એ આશા ઝાઝી વાર ટકી નહિ. મેના માશી ભારે ખરાબ! એમને

રોજ બપોરે ઉંઘવા જોઈએ. કેરીના દહાડામાં તો એમની ઉંઘનો પાર નહિ !

બપોરના એ ઉંઘવા ગયાં ત્યાં એમને કૈં ઉંચુ નીચુ લાગ્યુ એટલે ગાદલાં ઉથામ્યાં અને અમારો ખજાનો જોઇને એમને સુગ ચઢી !

એ હતાં વૈષ્ણવ એટલે એમનું નાકનું ટીચકુ ચઢે એમાં નવાઈ છે ! એમણે તો માળીદાદાને બોલાવીને અમારો ખજાનો કયાંનો કયાંય ફેંકાવી દીધો, ગાદલાં તડકે નાંખ્યાં, બધે ધોઈ ધફોઇને સાફ સુફ કરાવ્યું.

મોડેથી મેં અને ચંપીએ એ જાણ્યુ ત્યારે અમારા શોકની સીમા ન રહી. અમે બેઉ ભાઇ બહેન



એટલાં બધાં રડયાં છીએ કે ન પૂછો વાત ! બેઉની આંખમાંથી દડ દડ દડ આંસુ વહ્યાં જ જાય ! વ્હાઉઉઉઉઉઉ ! વ્હાઉઉઉઉઉઉઉ !

*

દુધની મઝા

આઉ વ્હાઉ ! વ્હાઉ વ્હાઉ !

રસોડામાંથી નીકળીને અમે બીજી કૈં ગમ્મતનો વિચાર કરવા લાગ્યાં.

બંગલામાં સમારકામ ચાલતુ હતુ, અને કેટલાક માણસો કામ કરતા હતા તેમની સાથે ગમ્મત કરવાનો મને વિચાર આવ્યો. મેં ચંપીને વાત કરી.

'હારે!' ચંપી બોલી. 'એક જણ તો મારે ગમતી છે! મેં તો એને લહેરથી ગાતાં જોયો હતો.'

અમે બેઉ એની પાસે ગયાં. એ હતો સુથાર. એનાં હથીઆરનો કોથળો અમે ફેંદવા લાગ્યાં પણ એતો કૈં બોલ્યો જ નહિ !

અમારા તોફાનથી એને મઝા પડતી લાગી. એ અમારા તરફ છોડીયાં ફેંકવા લાગ્યો.

એનાં હથીઆર કાઢીને અમે એનાથી રમવા લાગ્યાં. મેં અતેડો ને કાનસ કાઢયાં, ચંપીએ કર-વત કાઢી અને અમે તોફાને ચઢયાં.

એવામાં મારી નજર એના ખાવાના પર પડી. કૂદકો મારીને ઉંચે મુકેલી પોટલી મેં નીચે પાડી અને અમે બેઉ મળીને એ ફેંદવા માંડી.

એ જોઇને સુથારનો મિજાજ ગયો, એ તો ઉઠયો.

બીકનાંમાર્યાં અમે નાઠાં એટલે એણે અમારા પર ખીલા ફેંકયા !

ત્યાંથી અમે બીજી બાજુ ગયાં. એકજણ દુધનાં વાસણમાં કૂચડો બોળી ભીંતે લપેડતો હતો.

ચંપીને દુધ બહુ ભાવે છે એટલે એના મોઢામાં પાણી આવ્યુ તે કહેઃ 'કેવું મઝાનું દુધ છે ! ચાલને આપણે થોડુંક છાનાં માનાં પી જઇએ.'

મેં એને સમજાવી કે એ દુધ નહિ હોય પણ બીજુ કૈંક હશે નહિતર એ આવી રીતે ભીંતે ચોપડે નહિ. પણ ચંપી કૈં મારૂં માને ! એ તો હઠ પકડીને બેઠી કે એ દુધજ છે.

'તને દુધ લાગતુ હોય તો ચાલ, આપણે છાનાં માનાં જઈએ. તું તારે ખુશીથી દુધ પીજે.' મેં છેવટે એને કહ્યું.

અવાજ ન થાય એમ અમે પેલા વાસણ પાસે



ગયાં. ચંપીએ એમાં મોઢુ નાખીને જીભ વડે એકાદ બે લપાકા માર્યા, ત્યાંતો એનું મોઢુ કટાણુ થઈ ગયું!

'આઉ વ્હાઉ! આઉ વ્હાઉ! કેવું ખરાબ! મારી તો જીભ ચચરે છે!' ચંપી બોલી ઉઠી.

'મેં તો તને કહ્યું હતુ કે એ દુધ નથી પણ કૈં બીજુ છે છતાં તું માને નહિ તેમાં હું શું કરૂં!'

અમે બેઉ અમારા ઓરડામાં ગયાં અને ચંપીએ પુષ્કળ પાણી પીધુ ત્યારે એને કૈંક શાંતિ થઇ.

પાછળથી મને ખબર પડી કે એ દુધ જેવી સફેદ ચીજને ચુનો કહે છે અને એનાથી ઘર ધોળાય છે. અજાણ્યાનો તે કૈં અવતાર છે?

*

મેનામાશી

આઉ વ્હાઉ ! વ્હાઉ વ્હાઉ !

અમારા માટે બટુકભાઇએ પરાળની હુંફાળી પથારી કરાવેલી છે. અમને જ્યારે મન થાય ત્યારે એમાં લેટી જઇએ.

બપોરના જરા ઉઘ્યાં ન ઉઘ્યાં ત્યાંતો અમને મસ્તી કરવાનું મન થઇ આવ્યું. મેના માશી પર મને દાઝ હતી એટલે એમની ગમ્મત કરવાનું નક્કી કર્યું.

એમનાં લુગડાં હમેશાં બગલાની પાંખ જેવાં ઉજળાં રહેતાં. લુગડાંની એમને ભારે ચીવટ. જરા જેટલો ડાઘ પડે તો એમનો જીવ કપાઈ જાય.

એ બેઠાં બેઠાં કૈંકુ સીવતાં હતાં. ખાસ્સો મઝાનો સફેદ દુધ જેવો દોરાનો દડો એમની પાસે પડયો હતો. મેં જઇને એના પર તરાપ મારી. ચંપીએ એને બાજુએ ખેંચ્યો. અમે બેઉ દડાને લઇને નાઠાં.

અમારી પાછળ માશીબા પડયાં અને અમને પકડી પાડયાં. અમારી પાસેથી દડો ઝુંટાવી લીધો.

ચંપી એમના હાથમાં આવી ગઈ તે એમણે એના બેઉ કાન ચીંબોળ્યા.

આ ઉપરથી માર ખાવો પડે તો ભલે પણ માશીબાનો બરાબર ઘાટ ઘડવાનો મેં મનસુબો કર્યો.

હું અને ચંપી બહાર ફુવારા પાસે ગયાં અને બાજુના ખાબોચીયામાં અમારા પગ કાદવવાળા કરી આવ્યાં.

દોડતાં દોડતાં જઇને માશીબા પાસે ગેલ કરવા લાગ્યાં. એ હડે હડે કહ્યા કરે તોયે અમે એમનાં લુગડાં પર કૂદાકૂદ કરી મુકી.

લાગ જોઈને હું ખોળામાં કુદ્યો અને એમનાં લુગડાં પર પાર વિનાના ડાઘા પાડયા.



પછી તો માશીબાના મિજાજનું શું પૂછવું ! એમનાં લુગડાં અમે બગાડયાં એ કૈં નાનો સુનો ગુન્હો ન હતો. એ તો ઉઠયાંસ્તોને.

પણ અમે કયાં કાચાં હતાં !

દુમ દબાવી અમે ભાઈબહેન નાઠાં પણ એમણે પાછળથી અમારી પર દોરાનો દડો ફેંકયો.

માશીબાને એટલુંયે ભાન ન રહ્યું કે દોરાનોદડો તે વાગતો હશે ખરો ! અને એ વાગે તોયે અમે તે કૈં એની દરકાર કરીએ !



છાનાંમાનાં સંતા-
ઇને અમે જોયું તો
એમનું મોઢું ખાસ્સુ
એરંડીયુ પીધા જેવુ
થઈ ગયેલું લાગ્યું.

લ્યો માશીબા લેતાં
જાવ ! આટલો સવાદ ચાખતાં જાવ !

હાઆઆશ ! કેવી મઝા ! આઉ વ્હાઉ ! વ્હાઉ વ્હાઉ !

*

અંડે-વાઘમાળ

આઉ વ્હાઉ ! વ્હાઉ ! વ્હાઉ !

મેના માશીની મજાક કરી અમે પાસેના બાગમાં ઉપડયાં.

એ બાગ ફીરંગીનો હતો. એમાં એક ભૂંડણ રહે. અરે બાપરે બાપ ! એને એટલાં બધાં ભૂડડાં—એટલાં બધાં બચ્ચાં કે ગણ્યાં ગણાય નહિ ! આખી ફોજની ફોજ.

અમને જોઇને બચ્ચાં આમ તેમ નાસે. અમે કરીએ આઉ વ્હાઉ ! અને એ બધાં આમ નાસે ને તેમ નાસે ! નાસા નાસ ને ભાગાભાગ ! હડીયા દોટી !

પણ ભૂંડણ ભારે ખરાબ ! એ જો અમને જોઈ જાય તો એવી દોડે એવી દોડે કે અમને પણ નાસતાં ભોંય ભારે પડે !

આજે પણ અમે ગમ્મત કરતાં હતાં ત્યાં ભૂંડણની નજર અમારા પર પડી. એ અમારી પાછળ દોડી એટલે અમે તો દુમ દબાવીને નાઠાં.

માને જોઈને બચ્ચાં પણ શુર પર ચઢયાં. એ પણ



અમારી પાછળ પડયાં !

ત્યાંથી નાઠાં તે અમે તળાવને કાંઠે ગયાં. તળાવની પાળે એક જણ છત્રી ખુલ્લી મુકી તેની નીચે સુઈ ગયેલું. અમને એની મજાક કરવાનું મન થઈ આવ્યું.

ધીરે રહીને ચંપી છત્રીપર ચઢી. હું પણ ચઢયો. ઉપર ચઢયા પછી બેઉ જણે એક સામટું ભસવા માંડયું અને એ જોઇને સુનાર ઝબકીને જાગશે તે જેવાની ભારે મઝા પડશે એમ અમારો ઠરાવ હતો.

બેઉ જણે છત્રીપર ચઢીને ભસવાનું શરૂ કર્યું. આઉ વ્હાઉ ! વ્હાઉ ! વ્હા– ! અરે ત્તારીની ! એ કમબખત છત્રીએ દગો દીધો. અમારો ભાર એ ઝીલી ન શકી તે ઉથલાઈ પડી.

અમે બેઉ ભાઈ બહેન ગબડતાં ગબડતાં પાણીમાં પડયાં અને સુનાર માણુસ આંખો ચોળીને ઉઠેલુ તે અમારી અવદશા જોઈ હસવા લાગ્યું !

અમારૂ તો હસવાનુ ખસવુ થઇ ગયું !

પણ એમ અમે હારી ખાઇએ એવાં કયાં હતાં!

પાણીમાંયે અમને મઝા પડી. અમને તરતાં આવડતુ હતુ એટલે પાણીમાં બતક અને હંસ



તરતા હતા તેમના પર નજર દોડાવી. અમે બેઉજણુ એમની પાસે ગયાં અને આમ તેમ ઘુમવા લાગ્યાં ને પુંછડીના પટપટાટે પાણી ઉરાડવા લાગ્યાં.

હંસોએ કલરવ કરી મુકયો અને એ ઉડયા. બતકો પણ નાઠી. અમે આમ તેમ મઝા કરીને બહાર નીકળ્યાં.

હવે તો કકડીને ભૂખ લાગી હતી એટલે ઘર તરફ દોડયાં.

*

છેવટ

આઉ બ્હાઉ ! બ્હાઉ બ્હાઉ !

ઘેર ગયાં ત્યાં તો બટુકભાઈ સામેથી મળ્યા. એ અમારા પર ગુસ્સે થયા લાગતા હતા.

એ મેના માશીનુંજ કામ. એમણે જ અમારી ફરીઆદ કરી હશે નહિતર બટુકભાઈ ચીડાયજ નહિ ને !

બટુકભાઈ કહે: ' હરામખોરો આજે તમારી બહુ ફરીઆદો આવી છે એટલે મારે તમને સજા કરવી પડશે. આજે તમને દુધ નહિ મળે. '

અરે ભલા ભગવાન ! દુધ વગર કેમ ચાલે ! ચંપી તો ઉદાસ થઈ ગઇ ! એને દુધ વગર ખાવાનુંયે ન ભાવે !

મેં એને સમજાવી કે આપણે માંદા હોવાનો ઢોંગ કરવો અને ઉદાસ દેખાવુ, અમે બેઉ જણે એ પાઠ આબાદ ભજવ્યો. ઢીલાં બ્હીલાં મોઢાં અને ઉદાસ ચહેરો જોઈ બટુકભાઇને લાગ્યુ કે અમે તાપમાં


રખડવાથી માંદાં પડયાં છીએ.



એમને અમારા માટે ફીકર થઈ પડી. એમનો ગુસ્સો ઉતરી ગયો અને અમારા માટે મઝાનું દુધ અને ગરમ ગરમ ભાખરી લઇ આવ્યા.

એ ખાધુ એટલે અમે તાજાં માજાં થઇ ગયાં અને કૂદાકૂદ કરવા લાગ્યાં.

બટુકભાઈ મોડેથી સુઈ ગયા ત્યારે અમે બેઉ ભાઇ બહેન એમની ઓઢેલી ચાદર પર જઇને બેઠાં



એટલે એ ખુશ ખુશ થઇ ગયા.

'જાવ હવે બહુ મોડુ થઇ ગયુ તે ઠેકાણે જઈ સુઇ જાવ.' બટુકભાઈએ કહ્યું એટલે અમે જઇને અમારી પરાળની પથારીમાં સુઇ ગયાં.

આખો દહાડો કૂદાકૂદ ને હડીયા દોટી કરેલી તે સુતાં તેવીજ અમને ઘસઘસાટ ઉંઘ આવી ગઈ.

આખો દહાડો સારી પેઠે રમે કૂદે ને મઝા કરે તેને સુખે ઉંઘ આવે.

અને હવે રજા લઉં.

આઉ બ્હાઉ ! બ્હાઉ બ્હાઉ !

આઉ બ્હાઉ ! બ્હાઉ બ્હાઉ !



વ્યોમ વિહાર

એક રસિક કાવ્યસંગ્રહ

લેખક: શ્રી. નાગરદાસ ઈ. પટેલ

ગુજરાત એને શી રીતે સત્કારે છે :

[illegible] શ્રી. નાગરદાસની [illegible] નાગરદાસની કવિતાની [illegible] . . સાહિત્ય

[illegible] 'વ્યોમ વિહાર'ની [illegible] શ્રી. નાગરદાસ પટેલે [illegible] ગુજરાતી

[illegible] પટેલની કવિતા [illegible] સમાજ જીવન

'અ[illegible]રૂપી કાર્યાલય રાણપુર કાઠિયાવાડ

Cover Printers: M. Vadilal & Co. Bombay 2